GJJN210007232025

આંક–
મળ્યા તારીખ:– ૨૮/૦૫/૨૦૨૫
નોંધણી તારીખ:– ૨૮/૦૫/૨૦૨૫
ફેંસલ તારીખ:– ૧૦/૦૪/૨૦૨૬
અવધિ:– વર્ષ માસ દિવસ
**૦૦ ૧૦ ૦૩**

સત્યમેવ જયતે

| કેશોદના નામદાર બીજા એડિશ્નલ સેશન્શ જજ સાહેબની કોર્ટ સમક્ષ, **મુ. કેશોદ** |
|---|

**ફોજદારી અપીલ નં.૪૫/૨૦૨૫**

૧. જયશ્રીબેન વા./ઓ. કાનાભાઈ ડાકી,
ઉ.વ.૩૫, ધંધો:– ઘરકામ,
રહે. હાલ માંગરોળ,
ઠે. મહેશભાઈ જગજીવનભાઈ ખંભોડીયાના મકાનમાં
સેક્રેટરીએટ રોડ આરોગ્ય કેન્દ્રની સામે
તા. માંગરોળ, જી. જુનાગઢ
૨. સગીર વંદના ડો./ઓ. કાનાભાઈ ડાકી,
ઉ.વ.આ. ૧૩ના વાલી તથા ઈષ્ટ મિત્ર દરજ્જે તેમના
માતૃશ્રી અરજદાર નં.૧ )અરજદાર

વિરુદ્ધ

(૧) સ્વ. કાના રામશીભાઈ ડાકી,
ઉ.વ.આ.૩૯, (પતિ ચાલતા કામે મરણ ગયેલ છે.)
(૨) રામશીભાઈ વરજાંગભાઈ ડાકી,
ઉ.વ.આ. ૬૪, ધંધો:– ખેતી તથા દરજીકામ, (સસરા)
(૩) હિતેષ રામશીભાઈ ડાકી,
ઉ.વ.૩૬, ધંધો:– ખેતી, તથા દરજીકામ, (દિયર)

(૪) વાલીબેન રામશીભાઇ ડાકી,

ઉ.વ.આ.૬૧, ધંધો:-ખેતી તથા ઘરકામ, (સાસુ)

(૫) ભાવનાબેન રામશીભાઇ ડાકી,

ઉ.વ.આ.૩૪, ધંધો:- ખેતી તથા ઘરકામ,

તમામ રહે. નવા કોટડા, તા. માંગરોળ, જી. જુનાગઢ ) સામાવાળાઓ

| | |
|---|---|
| બાબત:- | માંગરોળના મ્હે. જ્યુડી. મેજી. ફ.ક.શ્રીની કોર્ટના ફો.પ.અ.નં.૧૪૧/૨૦૧૮ના કામે તા. ૨૩/૧૧/૨૦૨૩ના રોજ કરેલ હુકમ સામે અપીલ. |
| અરજદાર તરફે વિ.વ. શ્રી બી. એલ. સિંધવા<br>સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી કોઇ નહી. | |

- **<u>ચુ કા દો</u>** -

**(૧)** હાલની અપીલ અરજદારે માંગરોળના જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની ફોજદારી પરચુરણ અરજી નંબર. ૧૪૧/૨૦૧૮ ના કામમાં તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ આંક-૨૫ થી કરેલ હુકમથી નારાજ થઇ, દાખલ કરેલ છે.

**(૨)** આ કામના અરજદાર તરફે વિ.વ.શ્રી કે.બી. ગોહીલે હાજર થઇને રજૂઆત કરેલ છે કે, ટ્રાયલ કોર્ટે અરજી ના મંજુર કરતો, જે હુકમ કરેલ છે તે સામે તેઓ નારાજ થઇને મુખ્યત્વે તેની સામે હાલની અપીલ દાખલ કરેલ છે.

**(૨.૧)** અરજદાર તરફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે કે, નામદાર નીચેની કોર્ટે વાદગ્રસ્ત હુકમ કરવામાં કાયદાકીય તેમજ ન્યાયીક રીતે એક તરફી હુકમ કરેલ છે. તેથી તે પ્રથમ દર્શનીય રીતે રદ થવાને પાત્ર છે. તેમજ અરજદાર સામાવાળાઓના સંયુક્ત કુટુંબમાં સામાવાળા નં.૧ થી ૫ ની સાથે રહેતા હતા તે દરમ્યાન સામાવાળાઓએ એક સંપ કરી પ્રથમથી જ

અરજદારને દહેજ કરીયાવર બાબતે માનસીક શારીરીક દુ:ખ–ત્રાસ આપી મારકુટ કરતા હતા અને આવુ અવાર– નવાર બનતુ હોય તેથી કંજીયા કંકાસના કારણે સામવાળા સાથે તેમના સયુક્ત કુટુંબમાંથી અલગ થઈ માંગરોળ મુકામે ભાડાના મકાનમાં રહેવા મજબુર થવુ પડેલ અને ત્યા પોતાનો ઘર સંસાર ખુબજ સારી રીતે ચાલતો હતો પરંતુ તે દરમ્યાન આ સામાવળા નં.૨, થી ૫ની ચઢામણીના કારણે સામાવાળા નં.૧ના સગીર પુત્રી વંદના સાથે તેમનો ત્યાગ કરી સામવાળા નં.૨, થી ૫, ની સાથે કોટડા મુકામે જતા રહેલ અને ત્યાથી પરત આવેલ નહી કે અરજદારને તેમની સાથે પરત લઈ ગયેલ નથી. આમ માનશીક યાતનાઓના કારણે અરજદારે મજબુરીવશ તેમનાથી અલગ રહી દર–દર ભટકવુ પડેલ છે. જે .બાબત ધ્યાને લેવામાં આવેલ નથી. જયારે અરજદારના માવતરમાં પિતા ગુજરી ગયેલ છે. માતા વિધવા અને વયોવૃધ્ધ છે. તે માંડ તેમનુ પુરુ કરે છે. ત્યા જઈ શકે તેમ નથી અને હાલ સગીર પુત્રી સાથે એકલા સ્ત્રીને જીવવું મુશકેલ છે. તેથી અરજદાર કે અરજદારની સગીર પુત્રીની આજના વર્તમાન સમય પ્રમાણે કોઈ સુરક્ષા નથી અને હાલ પણ જો સામાવાળાઓ અરજદારને પોતાની સગીર પુત્રી સાથે હાલ રાખવા તૈયાર હોય તો અરજદાર જવા તૈયાર છે તેવી તેમની માંગ છે. જે હકકીત પ્રસ્તુત પુરાવાથી નિરવિવાદિત પણે પુરવાર થતી હોવા છતા નામદાર નીચેની અદાલતે સામાવાળાના આંક–૧૦, થી વાંધા જવાબ તથા આંક ૧૯,થી સર તપાસના સોગંદનામાને મુખ્યત્વે આધાર માની અને અરજદારના પુરાવાઓને અવગણી પુર્વગ્રહ યુક્ત મનસ્વી અર્થઘટન કરી અરજદારને મળવા પાત્ર થતી દાદો માટે અરજીના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થિત કરવા પાત્ર મુદાઓ ઉપસ્થિત ન કરતા સત્ય હકકીતોને અવગણતો વાદગ્રસત ઠરાવ કરેલ છે.જે પ્રથમથી જ રદબાતલ થવાને પાત્ર છે. તેમજ આ કામના સામાવાળા નં.૧ ગુજરી ગયેલ છે પરંતુ સામાવાળા નં.ર, જનાઓ સાસુ–સસરા થાય છે. જેથી હિન્દુ લો મુજબ હિન્દુ પત્ની તેના પતિના મૃત્યુ પછી તેના સસરા પાસેથી ભરણપોષણ મેળવવા હક્કદાર છે છતાં નામદાર નીચલી અદાલતે આ કામે પડેલ પુરાવાનું અર્થઘટન કરવામાં ક્ષતી રાખેલ છે. જેથી સદર હુકમ ર ઠરાવવાને પાત્ર છે. વધુમાં અપીલ લાવી

એવી દાદ માંગેલ છે કે, નામદાર નીચેની અદાલતે કરેલ હુકમ રદ કરી અરજદારની મુળ અરજીમાં માંગેલ દાદ મુજબનો હુકમ ફરમાવવા, સદર અપીલ ખર્ચ સહિત મંજુર કરવા અને વિવાદીત હુકમ રદ કરવા, સદર અપીલના કામે નામદાર નીચેની અદાલતનું અસલ રેકર્ડ કોલ ફોર કરવા, તેમજ અપીલ અરજીને મળી શકતી તમામ સુસંગત દાદ અપવવા અરજ ગુજારેલ છે.

(૩) સામાવાળાઓને નોટિસ કરવામાં આવતા, સામાવાળા નં.૨, ૪,પનાઓને નોટિસ બજેલ છે છતાં સામાવાળા તરફે કોઇ હાજર થયેલ નથી.

(૪) ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૧થી લેખિત દલીલ રજૂ થયેલ છે. જે વંચાણે લઇ ધ્યાને લીધેલ છે.

(૫) આ કામે બંન્ને પક્ષના પ્લીડીંગ તથા દલીલો ધ્યાને લેતાં, નીચે મુજબના મુદ્દા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર સાબિત કરે છે કે, માંગરોળના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફો.પ.અ. નં.૧૪૧/૨૦૧૮ના કામે તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ આંક–૨૫ થી કરવામાં આવેલ હુકમમાં ફેરફાર થવાપાત્ર છે?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## **કા ર ણો**

**મુદ્દા નં.૧ તથા ૨**

**(૭)** આ કામે ટ્રાયલ કોર્ટ સમક્ષ અરજદાર દ્વારા સામાવાળાઓ વિરુદ્ધ કૌટુંબિક હિસાથી સ્ત્રીઓના રક્ષણ અધિનિયમ ૨૦૦૫ ની કલમ હેઠળ દાદ માંગતી ફો.પ.અ.નં.૧૪૧/૨૦૧૮ની દાખલ કરવામાં આવેલ અને તેમા આ કામના એપેલન્ટ અરજદાર તરીકે હતા જ્યારે આ કામના રીસ્પોડન્ટ તે કામે સામાવાળા હતા. હવે પછીના ફકરાઓમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ પક્ષકારોની ટ્રાયલ કોર્ટ સમક્ષની સ્થિતિ મુજબ અરજદાર અને સામાવાળા તરીકે આ ચુકાદામાં સંબોધવામાં આવે છે.

અરજદાર જયશ્રીબેન વા./ઓ. કાનાભાઇ ડાકી, સ્વ. કાના રામશીભાઇ ડાકીના પત્ની થાય છે. જે બાબતે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી. તે જ રીતે સગીર વંદના અરજદાર જયશ્રીબેન અને સામાવાળા સ્વ. કાના રામશીભાઇ ડાકીનાઓના પુત્રી થાય છે અને તે હકીકત બાબતે પણ પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી. વધુમાં જોઇએ તો, કાનાભાઇ રામશીભાઇ ડાકીનાઓ ટ્રાયલ કોર્ટ સમક્ષની કાર્યવાહી દરમિયાન ગુજરી ગયેલ છે તે પણ નિર્વિવાદિત હકીકત છે. પક્ષકારોએ એ પણ સ્વીકારેલ હકીકત છે કે અરજદાર પોતાના પતિ એટલે કે ગુજરનાર કાનાભાઇ રામશીભાઇ ડાકીનાઓ સાથે ઘણાં વર્ષોથી માંગરોળ મુકામે રહેવા જતા રહેલ.

આ કામે અરજદારે પોતાની જુબાનીમાં ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, તેણી તેના સસરાના પરીવારથી અલગ થઇ એ વાતને આશરે ૧૦-૧૧ વર્ષ થઇ ગયા હશે. આ હકીકતો ધ્યાને લેતાં આ કામના હાલના સામાવાળાઓએ કોઇ કૌટુંબિક હીંસા આચરેલ હોય તેમ જણાઇ આવતું નથી તેમજ વિગતો સાથે અને પુરાવા સાથે અરજદાર હાલના સામાવાળાઓ વિરુદ્ધ કૌટુંબિક હિંસા આચરેલ હોવાની કોઇ હકીકત જણાવેલ નથી.

વધુમાં હાલના સામાવાળાઓની કઇ કઇ મિલ્કત આવેલ છે અને કેટલા મકાનો છે તે બાબતે અરજદાર તરફે કોઇ પુરાવો રજૂ થયેલ નથી. ખાસ કરીને કે જયારે હાલના સામાવાળાઓએ તેઓ સરકારી સાહાયથી મળેલ ૧૦૦ વારના પ્લોટમાં ઝુંપડુ બનાવીને રહેતા હોવાની રજૂઆત કરેલ છે. આવા સંજોગોમાં એટલા નાના મકાનમાં અરજદારના રહેણાંકની વ્યવસ્થા થઇ શકે તેમ જણાઇ આવતું નથી અને તે અંગેના ટ્રાયલ કોર્ટના કારણો યોગ્ય અને વ્યાજબી જણાઇ આવે છે.

વધુમાં જોઇએ તો પત્નિના ભરણપોષણ માટે પતિ જવાબદાર ઠરાવી શકાય અને તે તેઓની અંગત જવાબદારી થાય, એટલે કે આ જવાબદારી બીજા વ્યકિત ઉપર નાંખી શકાય નહી. આ કામે અરજદારના પતિ ગુજરી ગયેલ છે અને તે અગાઉ તેઓ માનસિક રીતે અસ્વસ્થ હોવાની સામાવાળાની રજૂઆત છે. આ તમામ હકીકતો સાથે નીચે મુજબ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો આ કામે લાગુ પડે–

***Sujata Gandhi vs S.B. Gandhi; AIRONLINE 2020 ALL 1165***

*16. None of the Statute dealing with the rights of a married woman in India, be it The Hindu Marriage Act, 1955 The Hindu Succession Act, 1956; The Hindu Adoption and Maintainance, 1956; The Protection of Women from Domestic Violence Act, 2005 confer any right of maintenance, including residence, for the married woman as against the parents of her husband. Law permits a married woman to claim maintenance against her in-laws only in a situation covered under Section 19 of the Hindu Adoption and Maintenance Act, 1956.*

આમ, ઉપરોકત સિદ્ધાંતો વંચાણે લેતા એ સ્પષ્ટ છે કે, કોઇપણ વ્યકિતની પત્નિ પોતાના રહેણાંક માટે અથવા ભરણપોષણ માટેની માંગણી પતિના જીવનકાળમાં માત્ર પતિ પાસેથી માંગી શકે અને જો તેણીના પતિ ગુજરી ગયેલ હોય તો તેવા સંજોગોમાં તેણી ધ હિન્દુ એડોપ્શન એન્ડ મેઇન્ટેનેન્સ એકટ ૧૯૫૬ ની કલમ–૧૯ મુજબ અરજી કરી શકે. હવે ધ હિન્દુ એડોપ્શન એન્ડ મેઇન્ટેનેન્સ એકટ ૧૯૫૬ ની કલમ–૧૯ વંચાણે લઇએ તો તે નીચે મુજબ છે.

*THE HINDU ADOPTIONS AND MAINTENANCE ACT, 1956*

***19.*** *Maintenance of widowed daughter-in-law.—(1) A Hindu wife, whether married before or after the commencement of this Act, shall be entitled to be maintained after the death of her husband by her father-in-law:*

*Provided and to the extent that she is unable to maintain herself out of her own earnings or other property or, where she has no property of her own, is unable to obtain maintenance—*

*(a) from the estate of her husband or her father or mother, or*
*(b) from her son or daughter, if any, or his or her estate.*

*(2) Any obligation under sub-section (1) shall not be enforceable if the father-in-law has not the means to do so from any coparcenary property in his possession out of which the daughter-in- law has not obtained any share, and any such obligation shall cease on the remarriage of the daughter-in-law.*

આમ, ઉપરોકત સિદ્ધાંતો ધ્યાને લેતાં, ભરણપોષણની જવાબદાર પતિની અંગત જવાબદારી છે અને પતિ ગુજરી ગયા બાદ તે જવાબદારી વધુમાં વધુ પતિની મિલ્કતથી મળી આવતી આવક ઉપર મુકી શકાય. પરંતુ આ કામે પતિનો કોઈ ધંધો ચાલતો હોય અને તેમાંથી કોઈ આવક આ કામના સામાવાળાઓ મેળવતા હોય તેવી કોઈ રજૂઆત નથી કે તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ પર રજૂ થયેલ નથી. આવા સંજોગોમાં ઉપરોકત ચુકાદાઓમાંના સિદ્ધાંતો ધ્યાને લેતાં, હાલના સામાવાળાઓ કે જેઓ અરજદારના સાસુ-સસરા, દિયર અને નણંદ થાય છે તેઓની વિરુદ્ધ ભરણપોષણ આપવા અંગેનો હુકમ કરી શકાય નહી.

આમ, ધ પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એક્ટની જોગવાઈઓ હેઠળ હાલના અરજદારો વિરુદ્ધ ભરણપોષણ અંગેનો હુકમ કરી શકાય નહિ. આમ, ટ્રાયલ કોર્ટના હુકમમાં કોઈ ભુલ હોય તેમ જણાઈ આવતું નથી. જેથી **મુદ્દા નં.૧** નો જવાબ તે રીતે "**નકારમાં**" આપી, **મુદ્દા નં.૨** અંગે

આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**<u>આ ખ રી હુ ક મ</u>**

**૧.** અરજદારની હાલની ફોજદારી અપીલ આથી રદ કરવામાં આવે છે.

**૨.** માંગરોળના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીની ફો.પ.અ.નં.૧૪૧/૨૦૧૮ ના કામમાં તા.૨૩/૧૧/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

**૩.** ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

**૪.** આ હુકમની જાણ ટ્રાયલ કોર્ટને કરવી અને તેનું રેકર્ડ પરત કરવું.

હુકમ આજ તારીખઃ દસમી, માહે– એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**મુ. કેશોદ**
**તા.૧૦/૦૪/૨૦૨૬**

**( સંજય ધ્રુવકુમાર પંડિય )**
**બીજા એડીશનલ સેશન્સ જજ,**
**કેશોદ.**
જીજે૦૦૫૭૯